

જન્મશતાબ્દી પુસ્તકમાલા - ૧૧
પાત્રતા વિકસિત કરો
ભગવાનને મેળવો
(પ્રવચન)
– શ્રીરામ શર્મા આચાર્ય

## ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- | દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ, ભાઈઓ ! તમે ફકત તમારા દીકરાને માટે કમાણી કરી છે, ભલેને તે બે કોડીનો હોય. તમે ફકત તેના માટે જ જીવતા શીખ્યા છો. મિત્રો, આપણું જીવન કયા કાર્યને માટે ખર્ચાઈ ગયું ? ફકત મુઠ્ઠીભર પથ્થરોને માટે. આપણે ક્યારેય પણ વિચાર્યું નહિ કે આપણે કઈ રીતે જીવવું જોઈએ. તો ગુરુજી, અમારી કમાણીનું શું થશે ? તમારી કમાણી દીકરાને મળશે, સાળાને મળશે, જમાઈને મળશે. તમે તમારી વહુને બરબાદ કરી નાંખી. અરે ! તમે ઇચ્છયું તો તો તેને ઊંચે ઉઠાવી શકયા હોત. ભગવાને તમને મનુષ્યનું શરીર આપ્યું છે. જે દિવસે તમને બનાવ્યા હતા ત્યારે તેના સપના ઘણા મોટા હતા, તમારી પાસે ઘણી મોટી આશાઓ રાખી હતી. તમે તે બધા ઉપર પાણી ફેરવી દીધું.

મિત્રો ! ભગવાન ખૂબ થાકી ગયા છે. તેમની ઇચ્છા છે કે મારો પ્રિય દીકરો મનુષ્ય, જો આ દુનિયાને સુંદર બનાવે તો મજા આવી જાય. ભગવાનને સહભાગી અને સહયોગીની જરૂર હતી. એટલાં માટે ભગવાને તમને બનાવ્યા હતા. તેમણે ઘણી મહેનત કરીને તમને બનાવ્યા હતા.

ભગવાનની પાસે ભીની માટી હતી. તેણે કુંભારની જેમ તે માટીને લાંબી કરી દીધી કે સાપ બની ગયો. ગોળમટોળ કરી દીધો તો કાચબો થઈ ગયો, દેડકો બની ગયો, પરંતુ જે દિવસે ભગવાને તમને બનાવ્યા ત્યારે તેમને પરસેવો વળી ગયો. તેમનો ઘણો બધો સમય ખર્ચાઈ ગયો. આની પાછળનો તેમનો ઉદ્દેશ દુનિયાને સુંદર બનાવવાનો હતો. શરીરનો એક એક કણ, જેમાં મસ્તિષ્ક, હૃદય, આંખો બધા જ અંગ બન્યા.

આજ સુધીમાં મનુષ્યના શરીર જેવી બીજી કોઈ બેનમૂન ચીજ દુનિયામાં બની નથી. જ્યારે હું હિમાલય ગયો ત્યારે નંદનવનનો ફોટો પાડયો હતો. તેની લંબાઈ પહોળાઈ હતી, પરંતુ તેની ઊંડાઈની ખબર પડી શકી ન હતી તથા જે ફોટો ખેચ્યો હતો તે પીળા રંગનો આવ્યો હતો એ જોઈને મને થયું કે આવું કઈ રીતે બની શકે ? ફોટાનો રંગ આ પ્રકારનો હોવો ન જોઈએ. બગીચો તો મખમલી હતો. મેં તેને ફેંકી દીધો. આ બધી કમાલ લેન્સની હતી.

વરિષ્ઠ રાજકુમારનો આ વ્યવહાર : મિત્રો, આપણી આંખો કેવા સુંદર લેન્સથી બનેલી છે ! એના આ દુનિયામાં કોઈ જોટો નથી. એ વાસ્તવિક ફોટો ખેંચી લે છે. આટલું અતિ કીમતી શરીર તથા ભગવાનનું આવું અનુદાન બીજા કોઈ પ્રાણીને નથી મળ્યું. ભગવાને આટલી બધી ઉદારતા શા માટે રાખી ? આ પ્રશ્ન તમારી સામે છે. તમારે વિચાર કરવો જોઈએ કે ભગવાને આવો પક્ષપાત શા માટે કર્યો ? જો બીજા પ્રાણીઓમાં વિચારવાની શકિત હોત,

તો તે ભગવાનની સામે હાજર થઈને પોતાની ફરિયાદ સંભળાવી તમને જેલમાં મોકલી દેત, પરંતુ તેમનામાં એવી તાકાત નથી, એટલે એ બિચારાં શું કરે ? પરંતુ તમારે તો વિચાર કરવો જોઈએ. આ બાબતે ભગવાનને જો કોર્ટમાં બોલાવવામાં આવત, તો તેઓ થરથરતા આવ્યા હોત. જ્યારે તેમને આ વિષયમાં પૂછવામાં આવ્યું હતો, તો તેઓ કહેત કે મનુષ્યને મેં વિશેષ ચીજો એટલાં માટે નથી આપી કે તે ઉડાઉગીરી કરે તથા મોજ મસ્તી કરે. મેં તો આ દુનિયાને સુંદર બનાવવા તથા સજાવવા માટે તેને બનાવ્યો હતો. આ તો મારો મોટો દીકરો છે, રાજકુમાર છે. મેં આ જ કારણના લીધે તેને રાજગાદી આપી દીધી હતી અને બધી જ  જવાબદારીઓ સોંપી હતી. આ બધું એટલાં માટે આપ્યું હતું કે તે મને સહયોગ આપે. મેં ઘણું મોટું સ્વપ્ન જોયું હતું કે આ મારું મોટું બાળક છે, વરિષ્ઠ રાજકુમાર છે, જે આ દુનિયાને સુંદર બનાવી તેનું ધ્યાન રાખશો.

પરંતુ એ અભાગિયાને હું શું કહું, જે ફરીફરીને ત્યાં જ પાછો આવી ગયો, જ્યાંથી તેણે ચાલવાનું શરૂ કર્યું હતું. તે કૂતરાની યોનિ માંથી, વાનરની યોનિ માંથી, સુવરની યોનિ માંથી આવ્યો હતો અને નિમ્નકોટિના ચિંતન તથા વિચાર હોવાના કારણે ફરી પાછો એ યોનિમાં ચાલ્યો ગયો. તેણે નિમ્ન કોટિનાં પ્રાણીઓની જેમ હજુ પણ પેટ તથા પ્રજનનની વાત જ યાદ છે. બાકીની વસ્તુઓ તો જાણે તે ભૂલી જ ગયો. એ અભાગિયાને એ સમજમાં ન આવ્યું કે જ્યારે ભગવાને વાનરને માટે તથા અન્ય પ્રાણીઓને માટે પેટ

ભરવાની વ્યવસ્થા કરી છે, તો શું તેના પ્રિય પુત્ર મનુષ્ય માટે તે ખાવાની વ્યવસ્થા નહિ કરે ? પરંતુ હાય રે ! અભાગિયો માનવી. તે આની કિંમત જાણી ન શકયો. તે પોતાના ઉદ્દેશ્યને ભૂલી ગયો તથા એવું કહેવા લાગ્યો કે હું મારી અક્કલથી કમાઈશ, ઘણું જ પેદા કરીશ, મોજથી રહીશ. તેમાં જ તે ખપતો રહ્યો.

અભાગિયા મનુષ્યની દુર્ગતિ

મિત્રો ! તેનું હીરા અને મોતી જેવું દિમાગ આમાં જ ફરતું રહ્યું, એ અભાગીએ પોતે જ પોતાને બરબાદ કરી નાંખ્યો. ઘોડા, હાથી, ભેંસ વગેરે જાનવરો મનુષ્ય કરતાં વધારે ખાય છે, તો પણ તેમનું પેટ ભરાઈ પણ જાય છે, પરંતુ આ કમનસીબ મનુષ્યનું પેટ ભાઈથી, બાપથી, પત્નીથી પણ ભરાતું નથી. આ  અભાગિયો મનુષ્ય પેટને માટે બરબાદ થઈ ગયો. ભગવાને મને કહ્યું કે શું કહું આચાર્યજી, હું તો ઘણો જ ચિંતિત છું. મેં તેમને પાણી પિવડાવ્યું અને કહ્યું કે આપ જાઓ અને ચિંતા ન કરો. આપની પાસે તો ચોરાસી લાખ યોનિ વાળા પ્રાણીઓની અનેકો ફરિયાદો આવી ચૂકી છે. આપ જાઓ, હવે હું તેને ઠીક કરીશ. મનુષ્યની પાસે બળબુદ્ધિ છે, એને અમે ઠીક કરીશું. આ દુનિયામાં ખુશી, આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ ઉત્પન્ન કરીશ. અત્યારે તો તે પેટ પ્રજનનમાં રચ્યોપચ્યો છે. હું પૂછું છું કે તારી પાસે કોઈ ધર્મ કે સંસ્કૃતિ છે ? તું ક્યારેય આના વિશે વિચારે છે ખરો ? અરે ! તેં આટલો બધાં બાળકો પેદા કરી લીધાં, શું તેમને ભણાવવાને માટે, વિકાસને માટે,

ઊંચા ઉઠાવવાને માટે તે કોઈ  વ્યવસ્થા કરી છે ? નહિ. તો પછી આટલાં બધા બાળકો શા માટે ઉત્પન્ન કર્યા ? આને મૂર્ખતા સિવાય બીજું શું કહેવાય ?

ભગવાને કહ્યું કે મેં એને ઘણા પ્રેમથી પેદા કર્યો, લાલન પાલન કર્યું, એવી આશાથી મોટો કર્યો કે કદાચ એ મારે કામ આવશે, મારો સહયોગી બનશે તથા આ સંસારને સુંદર બનાવશે, પરંતુ આણે તો મારી બધી જ ઇચ્છાઓ ઉપર પાણી ફેરવી દીધું. એ જયાં ચોરાસી લાખ યોનિઓનાં પ્રાણીઓ રહે છે ત્યાં જ પહોંચી ગયો છે. આણે ભગવાનને ઘણા જ હેરાન કર્યા છે. મેં ભગવાનને કહ્યું કે હે પ્રભુ ! આને આ વખતે માફ કરી દો. જો કોઈને હવે પછી માણસ બનાવવો હોય તો તેની પૂરેપૂરી ચકાસણી કરી લેજો. મેં ભગવાનને પ્રાર્થના કરી કે ભગવાન, પહેલા એને પૂછી લેજો કે શું તે કોઈ શેઠ બનવા જઈ રહ્યો છે કે બાળકો પેદા કરવા જઈ રહ્યો છે ? પહેલા એ પૂછી લેશો, પછી જ તેને મનુષ્યનો જન્મ આપજો. જો મનુષ્યનો જન્મ જોઈએ તો બે રૂપિયાના સ્ટેમપ ઉપર હસ્તાક્ષર કરાવી લેજો અને જણાવી દેજો કે અમુક લક્ષ્ય છે. જો તે મંજૂર હોય તો  જીવન આપજો, નહિતર ન આપતા. જો મંજૂર હોય તો જાવ, નહિ તો તમે વાનર કે કૂતરાની યોનિમા જાઓ તમારે માટે મનુષ્યનું જીવન જીવવું શક્ય નથી. મેં ભગવાને કહ્યું અને તેમણે સ્વીકારી લીધું. તેમણે કહ્યું કે મને જેમનું દિમાગ, વિચાર, કાર્ય વગેરે જાનવરો જેવા જણાશે, તેમને હું મનુષ્યનો જન્મ નહિ આપું.

જીવનક્રમ બદલો : મિત્રો, આ સચ્ચાઈ નથી. તમે ભગવાનના મોટા દીકરા છો. તમે એના પુત્ર છો. તે ઘણો જ ઉદાર, દયાળું, કૃપાનો સાગર તથા સર્વસંપન્ન છે. ભગવાન પોતાના માટે શું ઇચ્છે છે ? શું ખાય છે ? તે ફકત બીજાને માટે જીવતો રહે છે. તમારે એ વિચારવું જોઈએ તથા પોતાનો જીવનક્રમ બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમે તો ફકત લક્ષ્મીનો મંત્ર જ શીખવા ઇચ્છો છો. તમે કહેશો કે ગુરુજી આ શું કહી રહ્યા છે ? મિત્રો, તમે ચોર્યાસી લાખ યોનિઓના શરીર જુઓ. તમે સારા કર્મો નહિ કરો તો તમારા ગધેડાની યોનિનો સ્વીકાર કરવો પડશે. તમારે ઈંટ નો ભાર ઊંચકવો પડશે. વજનના કારણે પાછળના પગ જખમી થઈ જશે, પગ અથડાશે. તમે કહેશો કે આચાર્યજી, હું તો મુન્નાલાલ શેઠ છું. હું આ યોનિમાં કેવી રીતે જાઉં ? તમે સારું કર્મ નથી કર્યું માટે તમારે તે ભોગવવું જ પડશે.

મિત્રો ! તમારે તમારી મૂર્ખતા ઉપર વિચાર કરવો જોઈએ. તમે નકામી સમસ્યાઓમાં ફસાયા છો. તમારું દિમાગ આ સમસ્યામાં અટવાયેલું રહે છે. તમારું જીવન બરબાદ થઈ રહ્યું છે અને તમે ચૂપ બેસી રહ્યા છો. હું તમને ધન્યવાદ આપવાનો હતો, પરંતુ હવે આપવા નથી માંગતો. તમને હમણાં ૧૨૫ રૂપિયા મળે છે, પરંતુ તમે ૩૫૦ રૂપિયાની નોકરી ઇચ્છો છો. આ નકામી વાતો છે. તમને જ્યારે ૧૨૫ રૂપિયા વાપરતા નથી આવડતું, તો ૩૫૦ રૂપિયા કેવી રીતે ખર્ચશો ? નકામી વાતો બંધ કરો. જો તમે આચાર્યજીના

આશીર્વાદ લઈ જાત અને પોતાના જીવનને મહાન બનાવી લેત તો હું અને તમે બંને ધન્ય થઈ જાત.

ભગવાનને શું જવાબ આપીશું ? : મિત્રો ! હું શાનદાર જિંદગી જીવ્યો છું તથા પ્રસન્નતાની સાથે વિદાય લેવા બેઠો છું. ભગવાનને સાચો ઉત્તર આપીશ, પરંતુ તમે ભગવાનને શું જવાબ આપશો ? તમે તો તમારી આખી જિંદગી રડતા રહ્યા અને મરવાના સમયે પણ રડતા રહેશો. આપણું જીવન ખાબોચિયાં જેવું થઈ ગયું છે. આપણો આધાર કમજોર છે. જો અત્યારે આપણને લકવો થઈ જાય તો આપણે ક્યાંયના નહિ રહીએ. આપણું તળાવ સુકાઈ જશે તો પછી શું થશે ? આપણી ઉન્નતિનો આધાર સમાપ્ત થઈ ગયો છે. આપણી પાસે જ્ઞાન છે, પરંતુ આપણા મસ્તિષ્કનું ચિંતન જો ખરાબ થઈ ગયું હોય, તો તે કોઈ પણ રીતે ઉપયોગી નથી. આપણી પાસે સંપત્તિ છે, પરંતુ કશુંક ઊંધું થઈ જાય, દુકાળ પડે, આગ લાગે, તોફાન આવે તો આપણી બધી જ સંપત્તિ સ્વાહા થઈ શકે છે. જેના પ્રત્યે આપણને અહંકાર છે, લોભ છે, મોહ છે, તે નકામું થઈ જશે.

તળાવના આધારે કરવામાં આવેલી ખેતીનો શો ભરોસો ? ખેતી કૂવા પાસેની જમીનમાં યોગ્ય રીતે થઈ શકે છે, જયાં કંઈકને કંઈક અવશ્ય ઊગી શકે છે. તે હર્યું ભર્યું રહે છે તથા તેના માટે પાણીની ચિંતા નથી રહેતી. આપણું ચિંતન પણ આ પ્રકારનું જ હોવું જોઈએ અને આપણે પણ મજબૂત આધાર પકડવો જોઈએ, જેનાથી આપણે પણ હર્યાભર્યા રહી

શકીએ. આવો આધાર ભગવાનથી મોટો બીજો કોઈ નથી, જે આપણને કાયમ હર્યાભર્યા રાખી શકે છે. આમાં જિંદગીની ઉન્નતિના બધા જ દરવાજા ખુલ્લા હોય છે. આ એક અજ્ઞાત શકિત છે, જેના ઇશારા ઉપર આખો સંસાર ચાલી રહ્યો છે.

તમે તો દીકરાના નશામાં છો. હાય બેટા ! હાય બેટા ! એવી બૂમો પાડતા રહો છો. એકવાર મારી પાસે મધ્ય પ્રદેશના એક સજ્જન આવ્યા હતા. તેમના બીજા નંબરના દીકરાનું લગ્ન તો થઈ ગયું, પરંતુ નોકરી નહોતી મળી. તે આળસુ હતો, શ્રમ કરવા ઇચ્છતો ન હતો. તેણે તેના બાપને કહ્યું કે તમે પેદા કર્યો છે તો ખવડાવો, પૈસા આપો, નહિતર હું તમને જાનથી મારી નાખીશ. બિચારાં ડરના માર્યા દોડીને મારી પાસે આવ્યા અને કહ્યું કે હું બે ત્રણ મહિના સુધી ઘેર નહિ જાઉં. રજા લઈ લઈશ અને અહીંયાં સંતાઈ રહીશ રહીશ. તેમણે કહ્યું કે ગુરુજી, જો તેનો કોઈ પત્ર આવે તો એવું ન કહેતા કે હું અહીંયાં છું. મિત્રો, એમના મનમાં દીકરાને માટે જે સ્વપ્ન હતું તેના ચૂરેચૂરા થઈ ગયા હતા. તમે પણ દીકરાઓની પાછળ પાગલ રહો છો. રાતદિવસ બેટા બેટા કરતા રહો છો. આપણું એક બીજું સ્વપ્ન એ હોય છે કે હું આ બની જઈશે, હું તે બની જઈશ. તે બની પણ જઈશું, પરંતે એક આંધી આવે છે અને આપણા બધા જ સ્વપ્નો નષ્ટ થઈ જાય છે. આપણે એટલો કમજોર આધાર બનાવી નાંખ્યો છે કે આપણે દિવસે હસવું પડશે તથા રાત્રે રડવું પડશે. આ રીતે આપણે આપણી બાહ્ય જિંદગી આવી જ રીતે રડતા રહીને પૂરી કરી દઈશું.

ભગવાનનો સહારો લો : પરંતુ મિત્રો ! એક બીજો આધાર પણ છે. જો તમે તેને પકડી લેશો તો તમારું જીવન કંઈક બની શકે છે. તે આધાર ભગવાન છે. તમે કહેશો કે અમે તો રોજ શંકરજીના મંદિરે જઈએ છીએ, પૂજાપાઠ કરીએ છીએ, પરંતુ શંકરજી અમને કોઈ મદદ કરતા નથી. શ્રાવણ મહિનામાં અમે બિલીપત્રો ચઢાવ્યાં, પાણીનો લોટો ચડાવ્યો, પરંતુ ભગવાન શંકરે કોઈ મદદ ન કરી. મિત્રો, શંકર ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે તમારે મોટું પગલું ભરવું પડશે.

મિત્રો, મોટાં કાર્યોને માટે મોટાં પગલા, જોખમ ભર્યા પગલા ભરવા પડે છે, ત્યારે જ લાભ મળી શકે છે. શંકરજીએ વરદાન આપ્યું હતું રાવણને, ભસ્માસુરને તથા શંકરજીએ વરદાન આપ્યું હતું પરશુરામજીને, પરંતુ વ્યવહાર અને કાર્ય કરવાની રીતના કારણે રાવણ અને ભસ્માસુરને મારવા પડયા. જો તમારી વિચારધારા સાચી હશે અને તમે ભગવાનનું વરદાન પ્રાપ્ત કરીને આ સંસારમાં કશુંક સારું કરવા ઇચ્છતા હશો, તો તમને ભગવાનનો દરેક પ્રકારે સહયોગ મળશે. બળ અને ધનના આધારે મનુષ્ય બળવાન થઈ શકતો નથી. આપણે આપણા વિકાસને માટે મજબૂત આધાર શોધવો પડશે. એ મજબૂત આધાર ફકત ભગવાન છે. ભગવાનનો આધાર લીધા પછી આપણી પાસે શેની કમી રહે ? આપણે તેમનો પ્રેમ તથા અનુદાન મેળવીને આપણો આધ્યાત્મિક વિકાસ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ભગવાનની પસો અનંત સુખના ભંડાર ભરેલા છે. તેમના એક મિત્ર હતા સુદામા.

તે ગરીબીનું જીવન જીવી રહ્યા હતા. લોકોએ કહ્યું કે તમારી તો ભગવાન સાથે ઓળખાણ છે, છતાં આમ કેમ ? સુદામાજી ભગવાનની પાસે ગયા. ભગવાને પોતાના મિત્રને ન્યાલ કરી દીધો.

સંબંધ થઈ જાય તો : ગુરુનાનકને તેમના પિતાએ ગુસ્સે થઈને વેપાર કરવા માટે વીસ રૂપિયા આપ્યા અને કહ્યું કે જા વેપાર કરીને તારો જીવનનિર્વાહ કર. ગુરુનાનક દેવ સંત હતા. તેમણે વીસ રૂપિયાની હિંગ ખરીદી અને જયાં સંતોનો એક ભંડારો ચાલી રહ્યો હતો ત્યાં ગયા. તે વખતે દાળ બની રહી હતી. તેમાં હીંગનો વઘાર કરવામાં આવ્યો અને પછી બધાને દાળ પીરસવામાં આવી. લોકોએ પ્રેમથી ભોજન કર્યું અને પ્રસન્ન થયા. સવારે જ્યારે નાનક ઘેર પહોંચ્યા ત્યારે જોયું તો પિતાજી ખૂબ નારાજ હતા. તેમણે પૂછ્યું કે પૈસાનું શું કર્યું ? નાનકજીએ આખી વાત કરી અને કહ્યું કે પિતાજી ! મેં એવો વેપાર કર્યો છે કે ભવિષ્યમાં હજારગણું થઈને પાછું આવશે. આજે વાસ્તવમાં ગુરુનાનક સાહેબની યાદમાં અમૃતસરમાં સુવર્ણમંદિર વિદ્યમાન છે, જે કરોડો-અબજોનું છે. મિત્રો, આ ભગવાનની સાથે વેપાર કરવાનો લાભ છે. મેં વિચાર કર્યો કે કરોડોનું મંદિર કેવું હશે, જેમાં ગુરુનાનક સૂતા છે. મિત્રો આ મહત્વ છે ભગવાનની સાથે જોડાવાનું, તેની સાથે સંબંધ બાંધવાનું.

મિત્રો ! કાશ્મીરમાં મહંમદ સાહેબનો પવિત્ર વાળ એક શીશીમાં રાખ્યો છે. અહીંયાં હજારો - કરોડો રૂપિયાની મસ્જિદ બની છે. જો આજે ગુરુનાનક દેવ તથા મહંમદ સાહેબ આવી જાય અને આટલાં મોટા મૂલ્યવાન મકાનને જુએ તો તેમને આશ્ચર્ય થશે. મિત્રો, આ આધ્યાત્મિકતાનું મૂલ્ય છે. ભગવાનની સાથે સંબંધ બાંધ્યાં પછી માણસ કેટલો મૂલ્યવાન થઈ જાય છે એ વિચાર કરવાનો વિષય છે . તે ઘણો જ કીમતી થઈ જાય છે. નાનક, વિવેકાનંદ, મહંમદ સાહેબ વગેરે મહાન થઈ ગયા. ભગવાન સાથે સંબંધ થઈ ગયા પછી માણસનું મહત્વ અને મૂલ્ય બંને વધી જાય છે.

એક સ્ત્રીનું લગ્ન જો એક શેઠજી સાથે થાય અને દુર્ભાગ્યથી તેના પતિનો દેહાંત થઈ જાય, તો બીજા જ દિવસથી તે શેઠાણી તેની બધી જ જમીન જાયદાદની માલિક બની જાય છે. આવું જ ભક્તનો ભગવાન સાથે સંબંધ જોડવાથી થાય છે. ડૉક્ટરની પત્ની ડૉક્ટર, વકીલની પત્ની વકીલ અને પંડિતની પત્ની પંડિતાણી બની જાય છે, ભલેને પછી તે પાંચ ચોપડી જ ભણેલી કેમ ન હોય ? જે રીતે ધર્મપત્ની બનીને આત્માની સાથે સંબંધ જોડવાથી તે પતિની બધી જ સંપત્તિની માલિક બની જાય છે, તેવું જ ભગવાન સાથે સંબંધ જોડવાથી થાય છે, તેવું જ ભગવાન સાથે સંબંધ જોડવાથી થાય છે. તમને બધાને મેં અહીંયાં એટલાં માટે બોલાવ્યા છે કે તમારા લગ્ન ભગવાન સાથે કરાવી દઉ. એટલાં માટે તમારી પાસે  મેં અનુષ્ઠાન કરાવ્યા છે. આ અનુષ્ઠાન તમારા  લગ્નના સમયે પીઠી

ચોળવા, માથું ઓળવા તથા વસ્ત્રો પહેરવા જેવું છે. હું આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવવા ઇચ્છું છું. આ જાદુઈ વિદ્યા છે. હું તમારો સંબંધ ભગવાન સાથે કરાવવું ઇચ્છું છું. જેથી તમારો સંબંધ માલદાર પતિ સાથે થઈ જાય. માલદારની સાથે સંબંધ બાંધવાથી માણસને હંમેશા ફાયદો રહે છે.

ભગવાનની ગોદમાં : મિત્રો ! કોઈનો સંબંધ માલદાર માણસ સાથે થાય અને તે તેનું કામ કરે, તો તેને શેઠ કશુંક લેવા માટે મોકલે છે અને સો રૂપિયા આપે છે. તે એંશી રૂપિયાનો સામાન લાવે છે અને વીસ રૂપિયા પોતાના ખિસ્સામાં મૂકી દે છે. શેઠજી તેને પૂછતાં પણ નથી. આવી રીતે નાના નાના કામોમાં તે પૈસા ભેગાં કરતો જાય છે અને માલદારની સાથે માલદાર થતો જાય છે. તો આ છે માલદાર મનુષ્ય સાથે જોડાવાનો ભૌતિક લાભ. ભગવાન સાથે જોડાવાથી આપણને કેવા કેવા લાભ મળી શકે તે તમે સ્વયં જોડાઈને જુઓ.

મિત્રો ! માલદાર માણસની પાસે નોકરી કરવાથી પૈસાને માટે ચાલાકી, બેઈમાની કરવી પડે છે ત્યારે તમે પૈસા કમાઓ છો, પરંતુ હું એવા માલદાર માણસ સાથે, જેનું નામ ભગવાન છે તેને ત્યાં તમને નોકરીએ લગાડવા ઇચ્છું છું. તેની પાસેથી તમને બધી જ વસ્તુઓ મળતી રહેશે. તેના માટે તમારે ચાલાકી કે બેઈમાની કરવાની કોઈ જરૂર નહિ

પડે. ભગવાનના ખોળામાં રહેનારી વ્યકિત નુકસાનમાં નથી રહેતી. બાપ કમાતો રહે છે અને બેટો ખાતો રહે છે.

બેટા, અમે પણ તમને વહેંચતા રહીએ છીએ, આશીર્વાદ આપતા રહીએ છીએ કે તમારું દુઃખ દૂર થઈ જાય. તમારી મનોકામના પૂરી થાય. આજે તમે કમજોર છો, બની શકે કે કાલે તમે મજબૂત બની જાઓ તથા ભગવાનનું કામ કરી શકો. તમે એવું વિચારતાં હશો કે બે વર્ષ બાદ ગુરુજી તો ચાલ્યા જશે. પછી અમને તપોભૂમિ કે હરિદ્વાર જવાથી શું મળશે ? તમે આજુ બાજુમાં ફાંફાં મારવા લાગો છો તથા સાંઈ બાબાની પાસે ચાલ્યા જાઓ છો. ત્યાં ગયા પછી હનુમાનજીની પાસે, કરોલીવાળી માની પસો જાઓ છો, જયાં ત્યાં ભટકતા રહો છો. જિંદગીભર તમે ખાલી હાથ  રહો છો. મિત્રો, તમે જયાં ત્યાં ભટકતા ન રહો, તમે ભગવાનનો પાલવ પકડી લો અને તમારા જીવનને પાર કરી લો.

મિત્રો, આપણી મુલાકાત કોઈ એમ.પી., એમ.એલ.એ અથવા મિનિસ્ટર સાથે થાય છે અથવા તેની સાથે ઓળખાણ તથા સંબંધ થાય છે, તો આપણી સમસ્યાઓ તથા આપણી મુસીબતો દૂર થઈ જાય છે. જો તેમની સાથે આપણો સંબંધ થઈ જાય તો પછી શું કહેવું ? મધ્ય પ્રદેશના એક પૂર્વમંત્રી મારી પાસે આવ્યા અને કહ્યું કે ગુરુજી મને એક દિવસને માટે મુખ્યમંત્રી બનાવી દો. તેઓ મારી પાસે બે અઢી કલાક બેસી રહ્યા. ભગવાનની

કૃપાથી તુક્કો લાગી ગયો અને તે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી બની ગયા. મિત્રો ! આ શું વાત છે ? મારી ઓળખાણ કોની સાથે છે ? મારી ઓળખાણ ભગવાન સાથે છે.

મોટા માણસની ઓળખાણનો ચમત્કાર : માણસની ઓળખાણ મોટા માણસ સાથે હોવાથી કામ થઈ જાય છે. એકવાર એવું જ થયું કે એક પંડિતજી હતા. પંડિતજીએ એક દુકાનદારની પાસે પાંચસો રૂપિયા મૂકયા. તેમણે વિચાર્યું કે જ્યારે દીકરીનાં લગ્ન કરીશ ત્યારે પૈસા લઈ લઈશ. જ્યારે દીકરી ઉંમર લાયક થઈ ગઈ ત્યારે પંડિતજી તે દુકાનદાર પસો ગયા. તેણે નન્નો ભણ્યો કે તમે મને પૈસા આપ્યા જ નથી. તેણે પંડિતજીને કહ્યું કે શું મેં તમને કશું લખીને આપ્યું છે ? પંડિતજી મૂંઝાઈ ગયા અને ચિંતામાં પડી ગયા. થોડા દિવસો પછી તેમને યાદ આવ્યું કે આ બાબતે રાજાને જાણ કરું, જેથી એ કશોક નિવેડો લાવશે અને કન્યાના લગ્ન માટે મારા પૈસા મળી જશે. તેઓ રાજાની પાસે પહોંચ્યા અને ફરિયાદ સંભળાવી. રાજાએ કહ્યું કે કાલે મારી સવારી નીકળશે ત્યારે તમે એ લાલાજીની દુકાનની પાસે ઊભા રહેજો. રાજાજીની સવારી નીકળી. બધાએ તેમને ફૂલમાળાઓ પહેરાવી, કોઈએ આરતી ઉતારી. પંડિતજી લાલાજીની દુકાન પસો ઊભા હતા. રાજાએ કહ્યું કે ગુરુજી, તમે અહીંયાં ક્યાંથી ? આપ તો મારા ગુરુ છો ? આવો આ બગીમાં બેસી જાઓ. લાલાજી આ બધું જોતા હતા. તેમણે આરતી ઉતારી, સવારી આગળ નીકળી. થોડે આગળ

જઈને રાજાએ પંડિતજીને ઉતારી દીધા અને કહ્યું કે પંડિતજી, મેં તમારું કામ કરી દીધું. હવે આગળ તમારું નસીબ.

લાલજી એ જોઈને હેરાન થઈ ગયા કે પંડિતજીની તો રાજાની સાથે સારી ઓળખાણ છે. ક્યાંક તે મારી સામે ફરિયાદ ન કરી દે. લાલાજીએ પોતાના મુનીમને પંડિતજીને શોધી લાવવા માટે કહ્યું. પંડિતજી એક ઝાડ નીચે બેસીને કશોક વિચાર કરી રહ્યા હતા. મુનીમજી આદરપૂર્વક તેમને પોતાની સાથે લઈ ગયા. લાલાજીએ પ્રણામ કર્યા અને બોલ્યા, "પંડિતજી, મેં જૂના ખાતા જોયા તો ખબર પડી કે મારા ખાતામાં તમારા પાંચસો રૂપિયા જમા છે. પંડિતજી દસ વર્ષમાં વ્યાજ સાથે બાર હજાર રૂપિયા થઈ ગયા છે. પંડિતજી, તમારી પુત્રી મારી પણ પુત્રી છે. એટલાં માટે એક હજાર રૂપિયા મારા તરફથી આપ લઈ જાઓ અને તે દીકરીના લગ્નમાં વાપરજો."  આ રીતે લાલજીએ પંડિતજીને તેર હજાર રૂપિયા આપી વિદાય કર્યા.

મિત્રો ! આ હું શું કહી રહ્યો હતો ? એ બતાવી રહ્યો હતો કે તમે પણ આ દુનિયાના રાજા, જેનું નામ ભગવાન છે તેની સાથે જો તમારો સંબંધ જોડી લેશો તો તમારી કોઈ સમસ્યા કે કોઈ મુશ્કેલી નહિ રહે. તમને કોઈ તંગ પણ નહિ કરે. તમારી સાથે કોઈ અન્યાય પણ નહિ કરી શકે. પાંચ ફૂટનો એક માણસ જ્યારે ભગવાન સાથે જોડાઈ ગયો તો મિત્રો, તે મહાત્મા બની ગયો. તે માણસનું નામ મહાત્મા ગાંધી થઈ ગયું, જેને જોઈને અંગ્રેજો ડરતા

હતા અને એવું કહેતા હતા કે આ જાદુગર છે. આનાથી સંભાળીને રહો. બ્રિટનના પ્રધાનમંત્રી તેનાથી ડરતા હતા અને કહેતા હતા કે આ તો 'બૉમ્બ' છે. તેમણે પોતાના બધા જ મંત્રીઓને ગાંધીજી સાથે નજર ન મિલાવવાની શિખામણ આપી હતી. એ કાળો ગાંધી નહિ, પરંતુ એ ગાંધી હતો, જે ભગવાન સાથે જોડાઈ ગયો હતો અને તેનો જ ચમત્કાર હતો. એ ચાલાકી કે અકકલવાળો ગાંધી નહોતો, પરંતુ ભગવાનનો સહયોગી ગાંધી હતો. આ શકિતઓને તમે પણ ભગવાનની પાસે બેસીને મેળવી શકો છો. પોતાને મહાન બનાવી શકો છો. જો તમે પોતે પોતાને તૈયાર કરી લો તો બધું જ મેળવી શકો છો તથા સંત અને મહા માનવના સ્તર સુધી પહોંચી શકો છો.

અનુકંપાની અનુભૂતિ : મિત્રો, સૂર્યનો પ્રકાશ આ ધરતી ઉપર પડે તો છે, પરંતુ જો આખો ન હોત તો આપણે આ જુદા જુદા રંગો કેવી રીતે જોઈ શકત અને આનંદ કેવી રીતે અનુભવત ? આંખનો સૂર્ય જો ઠીક હોય તો તે તમને રામાયણ, ભાગવત વંચાવી શકે છે. બગીચાઓનો આનંદ તમને મળી શકે છે. જો તમને તાવ આવે કે તબિયત બગડે તો તમે ખાઈ નથી શકતા. આ વાત તમારે વિચારવી જોઈએ. એક મહિલા હતા. તેના મરવાનો સમય આવી ગયો. તેને ભજિયા, લીંબુનું અથાણું, રબડી આપવામાં આવ્યાં, પરંતુ તેનું મોં કડવું હતું. તેને બધી જ ચીજો માટી જેવી લાગી. જો તમારી બુદ્ધિ બહેર મારી જશે, તો આ દુનિયાની બધી સંપત્તિ તમને કોઈ કામની નહિ લાગે. આ શું છે, જેનાથી તમે દુનિયાના

બધા જ આનંદ લઈ રહ્યા છો ? ચોરયાસી લાખ યોનિઓમાં સર્વશ્રેષ્ઠ રાજ કુમારની જેમ જીવી રહ્યા છો. આ છે ભગવાનની અનુકંપા, ભગવાનની કૃપા, જે નિરંતર તમારી ઉપર વરસી રહી છે. આપણે એવું અનુભવવું જોઈએ કે ભગવાન આપણા અંગઅગમાં, બધા જ રોમેરોમમાં સમાયેલો છે તથા તેની શકિત આપણી અંદર સમાયેલી છે. તે આપણને મહાન બનાવી રહ્યો છે, જીવનના દરેક ક્ષેત્રમાં આપણને આગળ વધારી રહ્યો છે. આપણો કાયાકલ્પ કરી રહ્યો છે. જો આટલું તમે કરી શકયા તો હું તમને વિશ્વાસ આપું છું કે તમે ધન્ય થઈ જશો.

સાથીઓ ! આપણી કાયાની અંદર એવા સેલ્સ છે, જેમાં હીરા, મોતી, સોનું, ઝવેરાત વગેરે ભરેલાં છે, જો તમે તેને જગાડીશ કશો તો માલામાલ થઈ શકો છો. તમે પારસ તથા કલ્પવૃક્ષ થઈ શકો છો. તમારો સંપર્ક જે કોઈની સાથે થશે તેને તમે ધન્ય કરતા જશો. તમારો વિકાસ થતો જશે. આપણે આપણી બધી આંગળીઓ પ્યારી છે. ભગવાનને પણ દરેક પ્રાણી પયારું છે. તે બધાનું બરોબર ધ્યાન રાખે છે. ભગવાન પોતાના દરેક અંગને સુંદર અને સુડોળ જોવા ઇચ્છે છે. ભગવાનની ઉપર પશપાતનો આરોપ મૂકી શકાય નહિ. તે બધાને એકસરખું આપે છે, પરંતુ મનુષ્ય પોતાના ગુણ, કર્મ, સ્વભાવ, શ્રમ તથા આળસના કારણે પાછો પડે છે.  જો તમારી પાત્રતા હશે તો તમે બધી જ ચીજો પ્રાપ્ત કરી શકશો. તમે તમારી પ્રગતિને માટે કોને ખબર ક્યાં ક્યાં ફરો છો, કોને કોને ગુરુ

બનાવતા ફરો છો. હું પણ તેથી પંદર વર્ષની ઉંમર સુધી આવા જ ચક્કરમાં પડયો રહ્યો તથા તમાશો જોતો રહ્યો. મેં પણ માત્ર આ જાદુગરી જોવા માટે ઘણા પૈસા વેડફયાછે.

નકલી અને અસલી ગુરુ : મિત્રો ! આ બે વર્ષમાં મેં હિંદુસ્તાનના કોઈ પણ સિદ્ધ પુરુષ, મહાત્મા કે યોગીને નથી છોડયા, જે આજે જાદુગરની જેમ નામ બતાવે છે અને સોનું બનાવે છે. જો તમે ઇચ્છો તો, હું તેમનું નામ તમને જણાવી શકું છું. એક વખત મે એક સિદ્ધ પુરુષની વાત સાંભળી તથા તેને માટે મેં ઘણું મોટું જોખમ ઉઠાવ્યું, જાનની બાજી લગાવી દીધી. એ સિદ્ધ પુરુષ ગાઢ જંગલમાં એક ગુફામાં રહેતા હતા. લોકોએ જણાવ્યું કે તે દરેકનું નામ, ઠેકાણું તથા ભૂત, ભવિષ્ય વર્તમાન બધું જ બતાવી દે છે. હું તેમની પાસે પહોંચી ગયો. બાબાએ બધું જ જણાવ્યું. મને દાળમાં કશુંક કાળું જણાયું. હું ત્યાં જ રોકાઈ ગયો અને પગમાં મોચનું બહાનું ઘડી કાઢયું. આ વાત તેમના ચેલાને બતાવી દીધી અને ત્યાં એક ખૂણામાં પડયો રહ્યો. એક દિવસ એક શિક્ષક આવ્યા. મેં તેને જણાવી દીધું કે તે નકામો માણસ છે. તેના ચેલાઓ ધંધો કરે છે. મેં શિક્ષકને કહ્યું કે તમે તમારું નામઠામ આદિ ભળતું જ બતાવજો. તેમણે ચેલાઓને પોતાનું નામઠામ બધું ખોટું બતાવી દીધું. બીજા દિવસે મહાત્મા મળ્યા તો તેમણે પણ એવું જ બતાવ્યું. શિક્ષક અને હું બંને આ બધું જોઈને મલકાયા. આ પેલા ચેલાઓએ જોઈ લીધું હતું. અમે ધોતી ફૂરતો વાળ્યા અને રૂમાલ વીંટાળીને લઘુ શંકાનું બહાનું કાઢીને ત્યાંથી ભાગી નીકળ્યા. જવાનું હતું પૂર્વ તરફ

અને નીકળી ગયા પશ્ચિમ તરફ. ગમે તે રીતે પ્રાણ બચાવીને ત્રણ દિવસ સુધી જંગલમાં ભટકયા બાદ અમારા સ્થાને પહોંચ્યા.

સાથીઓ ! મેં એ ગુરુનેપણ જોયા છે, જે પંદર વર્ષની ઉંમર પૂરી થતાં વસંતપંચમીના દિવસે મારી પાસે આવ્યા હતા. તેમણે મારા ત્રણ જન્મોનું દૃશ્ય મને બતાવ્યું અને મને ગાયત્રી ઉપાસનામાં જોતર્યો, જે મેં ચોવીસ વર્ષો સુધી વિધિવિધાનપુર્વક કરી. મેં મારા ગુરુદેવને એક પ્રશ્ન પૂછયો કે પૂજયવર, મારી એક શંકા છે. આપ બતાવો કે ગુરુઓની શોધ કરવા માટે લોકો રજાઓ લે છે, મેડિકલ લીવ લે છે, ઘરબાર છોડે છે ત્યારે ક્યારેક કોઈ સાચો ગુરુ મળે છે, પરંતુ આપ તો સ્વયં મારી પાસે આવ્યા. આવું કેમ ? પૂજયવરે જણાવ્યું, "બેટા ! ધરતી શું વાદળાઓની પાસે જાય છે કે વાદળાં સ્વયં તેની પાસે આવે છે ?" મેં કહ્યું, "વાદળાં સ્વયં આવે છે અને ધરતી ઉપર વરસી જાય છે" તેમણે કહ્યું, "આકાશનાં વાદળોની જેમ સિદ્ધ પુરુષોની પણ કમી નથી, જે વાદળાઓની જેમ વરસવાને માટે સુપાત્રની ખોજ કરતા હોય છે. દિવ્ય આત્માઓની તેઓ શોધ કરતા રહે છે."

મિત્રો ! તમે જોયું હશે કે જ્યારે આ ધરતી ઉપર મરેલી લાશો, કૂતરાં વગેરે પડયાં રહે છે ત્યારે ગીધ, કાગડા, સમડી સ્વયં આવી જાય છે અને તેમને ખાઈ જાય છે. આ જ રીતે ભગવાન કે દિવ્ય પુરુષ, જેને ભગવાન, ગુરુ કે સંતની કૃપા, વરદાન, આશીર્વાદની આવશ્યકતા હોય તેને ત્યાં પહોંચીને બધું જ કાર્ય કરે છે. તેઓ જુએ છે કે કોણ દયાને

પાત્ર છે. હું બદ્રીનાથ તથા રામેશ્વર જાઉં છું, પરંતુ તેઓ પણ મારી પાસે આવે છે અને કસોટી કરીને જતા રહે છે. કેવટની ભકિત તથા શ્રદ્ધા મહાન હતી. તેને જોઈને ભગવાન રામ સ્વયં તેની પાસે આવ્યા અને દર્શન આપ્યા. કેવટ રામચંદ્રજી પાસે નહોતો ગયો. શબરીની પાસે રામચંદ્ર સ્વયં આવ્યા હતા. શબરી નહોતી ગઈ. શ્રીકૃષ્ણ ગોપીઓની પાસે ગયા હતા અને તેમને પ્રેમ આપ્યો હતો. ગોપીઓ નહોતી ગઈ. મિત્રો ! એવી જ રીતે પાત્રતા જોઈને ગુરુ શિષ્યની પાસે આવે છે તથા તેને ધન્ય કરી જાય છે. જો વાસ્તવમાં પાત્રતા હોય તો રિદ્ધિ સિદ્ધિ મેળવી શકાય છે તથા ન્યાલ થઈ શકાય છે.

પાત્રતા જ મહાન તત્ત્વ : ભગવાનને ત્યાં અનંત વૈભવ, કૃપા, અનુદાન વગેરે ભરપૂર છે. જેમનામાં પાત્રતા હોય એવા જ માણસોને તે મળે છે. એકવાર હું પોરબંદર (ગુજરાત) ગયો હતો અને ત્યાં ગાંધીજીનું જન્મ સ્થાન જોયું હતું. તે ઘણું જ નાનું હતું. ત્યારે ત્યાં નાનું સરખું મકાન હતું, પરંતુ ભગવાન તો માલદાર છે. તેમણે ગાંધીજીને ધન્ય કરી દીધા. આજે ત્યાં કરોડોનું સ્મારક બનેલું છે. ભગવાન આવે છે તો મનુષ્યની વિચાર કરવાની, કાર્ય કરવાની પધ્ધતિ બદલાઈ જાય છે. તેનો અવાજ બદલાઈ જાય છે. તેને બધા લોકો પ્રત્યે શ્રદ્ધા તથા નિષ્ઠા થઈ જાય છે. તે બીજાઓને પ્રેમ કરે છે, બીજાનું દુખ જોઈને દ્રવિત થઈ જાય છે. ગાંધીજીની અંદર ભગવાન આવ્યા અને જે પણ બોલ તેમણે ઉચ્ચાર્યો તેને પૂરો થતો જોઈ શક્યા. ભગવાનની ખુશામત કરવાની કોઈ કામ નહિ ચાલે. પાત્રતા જે

મહાન તત્વ જ છે. જેનામાં પાત્રતા હોય છે, તેને સરકાર પાછો બોલાવી લે છે. તેને કામ આપે છે. પ્રેમ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ નેવું વર્ષના થવા આવ્યા, પરંતુ ગવર્નમેન્ટે તેમને નથી છોડયા. દરેક વર્ષે તેમને નવું પદ મળી જાય છે.

મિત્રો ! પ્રતિભાઓની માંગ, યોગ્યતાની માંગ દરેક જગ્યાએ હોય છે. મારો પણ એ જ ઉદ્દેશ્ય છે કે તમે આગળ વધો. હું ઇચ્છું છું કે તમારી અંદર પણ એક વસ્તુઓ આવી જાય, ભગવાન આવી જાય અને તમારો વિકાસ થઈ જાય. એટલાં માટે મેં તમારું લગ્ન ભગવાન સાથે કરાવવાનો નિશ્ચય કર્યો છે. પરંતુ મિત્રો, જો કન્યા અસ્વસ્થ હોય, બીમાર હોય, અશક્ત હોય તો તેમનું લગ્ન સારા છોકરા સાથે કઈ રીતે થઈ શકે ? તેવી જ રીતે તમારી પાત્રતા કમજોર હોય તો તમને ભગવાન કઈ રીતે અપનાવશે ? કેવી રીતે સ્નેહ તથા પ્યાર આપશે ? જો રાજકુમાર સાથે લગ્ન કરવા હોય તો છોકરી પણ યોગ્ય હોવી જોઈએ. જો તમે કોઢી હો તો સારી છોકરી તમને મળશે નહિ. તમે અપંગ હો, તો ભગવાન સાથે લગ્ન કરી નહી શકો. ભગવાનની સાથે લગ્ન કરવા સ્વસ્થ, નીરોગી શરીર અને સ્વચ્છ તથા પવિત્ર મનની જરૂર છે.

ભગવાન સાથે લગ્ન : સ્વચ્છ મન અને સ્વસ્થ તથા નીરોગી શરીર બનાવવા માટે તમને અહીંયાં બોલાવવામાં આવ્યા છે, જેથી તમે ભગવાન સાથે જોડાઈ શકો. તમારી પાસે હું ગાયત્રી મહાપુરુશ્ચરણ કરાવી રહ્યો છું. મને પ્રસન્નતા છે કે તમે પ્રાતઃકાળે ઘણા

વહેલા ઊઠીને પૂજા, ધ્યાન, જપ, પ્રાણાયામ વગેરેમાં વ્યસ્ત થઈ જાઓ છો. આ બધું જોઈને મને આનંદ થાય છે. જો તમે આ કર્મકાંડો માંથી કંઈક પ્રેરણા લઈ શકો તથા પોતાની પાત્રતાનો વિકાસ કરી શકો., પોતાને જીવંત બનાવી શકો, તો તમે વિશ્વાસ રાખજો કે તમારા લગ્ન ભગવાનની સાથે થઈ જશે  તથા તમારી પાસે બધી જ રિદ્ધિ સિદ્ધિ તથા વૈભવ આપમેળે જ આવશે, જેના માટે તમે દિવસ રાત આતુર રહો છો.

મિત્રો ! એક છોકરી હતી. તેનું સગપણ નક્કી થયું. તેના ખોળામાં છોકરાવાળાઓએ નારિયેળ પણ મૂકી હતું. પછીથી છોકરાવાળાઓએ ના પાડી દીધી. છોકરીએ કમર કસી અને લાઠી લઈનેએ ગામમાં પહોંચી ગઈ. તેણે કહ્યું કે અરે, લગ્ન નથી કરવા તો આવી જા મારી લાઠીની સામે. મામલો પંચાયતમાં ગયો. છોકરીએ કહ્યું કે આણે જ લગ્ન નક્કી કર્યું, નારિયેળ પણ આપ્યું અને હવે ના કહી રહ્યો છે. પંચાયતે ફેંસલો કર્યો કે લગ્ન આ છોકરીની સાથે જ કરવા પડશે.

મિત્રો ! મે પણ તમારા લગ્ન ભગવાનની સાથે કરાવવાનો નિશ્ચય કર્યો છે, તમે પણ એ છોકરીની જેમ દૃઢ નિશ્ચય કરીને તમરી પાત્રતાને વિકસિત કરીને ભગવાનને પ્રાપ્ત કરો. તમારી પરેશાની દૂર થઈ જશે. હું ભગવાનની પાસે થઈને આવ્યો છું. તેમની પાસે હીરાની ઘણી વીંટીઓ, ઝવેરાત, બાળબચ્ચાં છે. જે ઇચ્છો તે લઈ આવો. મિત્રો ! આ લગ્ન કોઈ પણ રીતે નુકસાનનો સોદો નથી. તમે આને નિભાવજો. તેના મને પ્રસન્નતા થશે.